






નિકળ્યા ખાણમાંથી હીરા, ઉંચા દામ આવશે!
ભર્યા છે કેબીનેટમાં, વિશ્વમાં નામ કાઢશે!
ધામ ખાયકી-કૌભાંડોનું ચોરીમાં હોંશિયાર -
સંગ્રહી રાખો સાચવીને, કેન્દ્રમાં કામ આવશે!
(ગુન્હેગાર મંત્રીઓ)

ચાલે પ્રચારે,
વેંચાય છે શિક્ષણ -
મરે છે સત્ત્વ!
(જાXખથી સંસ્થા પ્રચાર)

કરે છે કામ,
એકતા ના દૂધમાં -
મેરવણનું..
(પ્રચાર સમિતિનાં અધ્યક્ષ)




## ચિંતન

**રાજન્દુધુક્ષસિ યદિ ક્ષિતિ ધેનુમેતાં તેનાદ્ય વત્સમિવ લોકમમું પુષાણ ।**
**તસ્મિંશ્ચ સમચ્ગનિશ પરિપોષ્યમાણે નાના ફલૈઃ ફલતિ કલ્પલતેવ ભૂમિ ॥**

ભર્તૃહરિના નીતિશતકનો આ શ્લોક છે :

'હે રાજન! જો ગાય જેવી આ પૃથ્વીને (રાજ્ય-દેશને) દોહવાની ઇચ્છા રાખતો હોય તો અત્યારે તું વાછરડાની જેમ નંદી-બળદની જેમ આ પ્રજાનું પાલન-પોષણ કરવાની મહેનત-શ્રમ કર. પ્રજાનું સારી રીતે નિત્ય-પોષણ થતાં પૃથ્વી પણ કલ્પવૃક્ષની માફક અનેક પ્રકારના ધાર્યા ફળ આપવાની જ છે.'

આજના રાજાઓ (રાજયના કે કેન્દ્ર સરકારના) - પ્રધાનો એમને જે વિભાગ-ખાતાં વ્યવસ્થા અને પ્રજાના પોષણ સુવિધા વધારવા માટે આપવામાં આવ્યા છે તેમાંથી ખાયકી-કમીશન દ્વાર સરકારી તિજોરી અને પ્રજાનું શોષણ કરે છે.

જે ઉદ્યોગપતિઓ પાસેથી ચૂંટણી-ફંડ પ્રાપ્ત કર્યો હોય તેને પ્રજાને ચૂસવા-લૂંટવાની સુવિધા થાય એવા કાયદા-ફાયદા કરી આપે છે.

પ્રજા - આ પૃથ્વી ગાય જેવી છે એનું સારી રીતે પોષણ કરવામાં આવે તો મહેનતથી પણ અધિક વળતર આપે છે. પણ પ્રથમ શરત એ છે કે જેમ બળદ-નંદી પ્રથમ પરિક્ષમ કરી પૃથ્વીને-જમીનને ખેડે પછી જ મોલ-પાક મળે છે - તેમ રાજાઓએ પણ પ્રજાની સેવા કરવી જોઇએ પછી જ 'કર' દ્વારા તેનો બદલો મળી શકે છે.

## સુવિચાર

- જયારે તમે સતત સફળતા મેળવો છો ત્યારે જ લોકો સ્વીકારે છે કે તમે મહેનતું છો **- એસ. ભટ્ટાચાર્ય**
- માણસનાં દિલમાં સપનાની ઘણી કબરો એવી હોય છે જેના ઉપર ફૂલ ચડાવવા સિવાય આપણે કંઇ જ કરી શકતા નથી **- હરકિશન મહેતા**
- કોઇ પણ માણસ જયાં સુધી સારા થવાનો પ્રયત્ન ન કરે ત્યાં સુધી પોતે કેટલો ખરાબ છે તે જાણી શકતો નથી **- ટોલ્સટોય**
- ભરતી અને ઓટ જીવનમાં પણ છે જ. સવાલ એ છે કે ઓટમાં પણ તમે સાગર જેવી વિશાળતા જીવંત રાખો **- તમિલ કહેવત**
- જીવનમાં નવું ચોક્કસ ખુલ્લા મનથી અપનાવો પણ જૂનું જે સારૂં છે એને ગુમાવી ન દો, કારણ કે જે જૂનું છે તે પરખાયેલું અને નિવડેલું છે અને જે નવું છે એ તો હજી ઓળખાવવાનું બાકી છે **- રબ્બાની**
- આદતો ને જો રોકવામાં ન આવે તો તે બહુ ઝડપથી ટેવ બની જાય છે **- સુધીર દેસાઇ**

## બોધ કથા

આપણા સુખદુ:ખની પારાશીશી બીજાની સાથે આપણી પરિસ્થિતિ પર નિર્ભર છે. આપણું બાળક કેવું હોંશિયાર એ બીજાની ટકાવારી પર આધારિત છે. આપણે કેટલા ગરીબ એ પડોશી ધનિકની સાથેની સરખામણી પરથી નક્કી થાય છે. આપણા સુખની, આનંદની અનુભૂતિ માત્રને માત્ર આપણી કલ્પના અને માનસિક પરિસ્થિતિ પર આધારિત છે. કોઇની સાથે સરખામણી પર નહીં જ.

**એક સંતે પોતાના પાંચ શિષ્યોને કુંભાર પાસે મોકલ્યા અને કહ્યું એની પાસેથી માટી લઇ - સાંજ સુધીમાં મને ભગવાનની, તમારાથી થાય એટલી સુંદર મૂર્તિ બનાવીને આપો...**

સાંજે બધા શિષ્યોને એકત્ર કર્યા અને પાંચે શિષ્યોને પોતાની મૂર્તિઓ સાથે હાજર રાખ્યા અને એક શ્રેષ્ઠ શિલ્પીને બોલાવી આ પાંચે મૂર્તિઓમાંથી સર્વશ્રેષ્ઠ મૂર્તિ કઇ? એ બાબત નિર્ણય આપવા કહ્યું..

શિલ્પી સમજૂ અને ન્યાયી હતા એણે કહ્યું - તમારી આ વાત યોગ્ય નથી - હું મૂર્તિઓ બનાવું છું. દરેક વખતે 'શ્રેષ્ઠ' બનાવવાની કલ્પના સાથે જ મૂર્તિ બનાવું છું - એમ આ શિષ્યોએ પણ પોતાની કલ્પના અને આવડત પ્રમાણે શ્રેષ્ઠ જ મૂર્તિ બનાવી છે એની સરખામણી બીજાની કલ્પના-અભિવ્યક્તિ સાથે થઇ ન શકે.

**E-mail : sureshchandrabhatt18@gmail.com**

# આજના સંબંધો બંધાતા વાર લાગતી નથી અને ગંધાતા પણ વાર લાગતી નથી...

## - સમાજ ચિંતન

**- પોપટલાલ પ્રજાપતિ**

જીંદગીના રસને પીવામાં
જલ્દી કરો મરીઝ
એક તો ઓછી મદિરા,
ને ઢળતો જામ છે.

બસ, આ જીંદગીના રસને જલ્દી પીવાની ઉતાવળમાં આજનું યૌવન અટવાય છે, યૌવનમાં પગ મૂકતાં જ હૃદયમાં જાગતા સ્પંદનો અને થનગનાટ ને સાકાર કરવા મન અધિરૂં બને છે. કલ્પનાના ઘોડે સવાર થઇ સંસાર માણવાના સ્વપ્નો ધોળે દિવસે દેખાવા લાગે છે અને જીંદગીને ઉતાવળે માણવાની અધિકાઇમાં જીવનસાથી શોધનો પ્રારંભ થાય છે પણ આ શોધમાં એવી ગફલત થઇ જાય છે કે પછી જીંદગી રસહીન બની જાય છે. અને જવાની કયાંતો પંખે લટકે છે કયાં તો કેનાલમાં ભુસકો મારે છે.

વાત છે જીવનસાથી પસંદગીની. આ પસંદગી માનીએ એટલી સરળ તો નથી જ. કયારેક ઉતાવળે લેવાયેલ કે લાગણીના આવેશમાં લેવાયેલ નિર્ણયમાં અંતે નિરાશા સાંપડે છે. કેટલાક ઉદાહરણો પર દૃષ્ટિપાત કરીએ.

♦ ફિલ્મ અભિનેત્રી ઝીયા ખાને ૩જી જૂને પંખે લટકી આપઘાત કર્યો કારણ કે તેનો પ્રેમી બેવફા નીવડ્યો તે જેને સમર્પિત થઇ હતી તેણે પ્રેમનાં નામે છેતરપીંડી કરી.

♦ બિપાશા બાસુ - જોન અબ્રાહ્મ સાથે ૧૦ વર્ષ લિન ઇન રીલેશનમાં રહી પણ અંતે તેણે બિપાશાનો ત્યાગ કર્યો.

♦ અમૃતાસિંઘ સૈલઅલીખાનના બાળકોની માતા બની છતાં જીંદગીના મધ્યાંતરે સૈફઅળીખાને તેનો ત્યાગ કર્યો.

♦ સુસ્મિતાસેન વિક્રમભટ્ટ, સંજય નારંગ, રણદીપ હુડા, મુદ્દસ્સર અઝીઝ બધા સાથે વારાફરતી લીવ ઇન રહી પણ બધાએ સમયાંતરે તેનો ત્યાગ કર્યો હાલમાં તે બા બાળકીઓને દત્તક લઇ એકાંકી જીવન ગુજારે છે.

♦ ડિમ્પલ કાપડીયાએ યૌવનના પ્રથમ પગથિયે જ સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા પણ આ સંબંધ ઝાઝુ ન ટક્યો અને બંને અલગ રહેવા લાગ્યા.

♦ નાના પાટેકર દિપ્તીનવલ સાથે પતિ-પત્નીની જેમ રહ્યા પણ થોડા જ વર્ષોમાં છૂટા પડ્યા.

♦ રાખી અને ગુલઝાર જેવી મેઘાવી પ્રતિભાઓના દાંપત્ય જીવનમાં પણ તિરાડો પડતી હોય તો નથી લાગતું કે આ બધા લોકોએ પાત્ર પસંદગીમાં કયાંકને કયાંક થાપ ખાધી હોય?

પોતે વ્યક્તિગત રીતે ગમે તેટલા ગુણિયલ હોય પણ તેમની માનસિકતા સાથે સામેનું પાત્ર સુમેળ સાધી શકશે કે કેમ તે પસંદ કરવું સહેલું તો નથી જ. મહાન માનસશાસ્ત્રી સિગ્મંડ ફ્રોઇડ પણ પત્નીની પસંદગીમાં ભુલા પડેલા અને જે યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા પછી સંતાનો થયા બાદ છૂટાછેડા લેવા પડેલા. અને બીજા લગ્ન કરેલા. એક માનસશાસ્ત્રી પણ અન્યનું માનસ પારખવામાં અટવાઇ જતા હોય તો સામાન્ય માનવી પસંદગીમાં ખોટો પડે તેમાં શી નવાઇ?

યુવાનો સામાન્ય રીતે પાત્ર પસંદગીમાં નીચેની બાબતો ધ્યાનમાં લેવાની હોય છે.

♦ માત્ર સંપત્તિ અને સુખ સગવડને પ્રાધાન્ય આપી તેવું પાત્ર પસંદ કરવું.

♦ માત્ર સુંદરતાને મહત્ત્વ આપવું.

♦ દેખાવને ગૌણ માની સંસ્કારોને મહત્ત્વ આપવું.

♦ પરિવારના સામાજિક મોભાને મહત્ત્વ આપવું.

♦ માતા-પિતાની પસંદગીને માન્ય રાખવી.

♦ માતાપિતાની ફક્ત સલાહ લે પણ અંતિમ નિર્ણય જાતે કરે.

♦ વિદેશ જવાના મોહમાં બીજી બાબતોને ગૌણ માની ફક્ત એન.આર.આઇ.ને લાયકાત ગણવી.

♦ ઉંમર વિત્યા પછી 'રહી જવાશે'ની ઉતાવળમાં ગમે તે પાત્ર સ્વીકારી લેવું.

♦ સામાજિક દબાણને વશ થઇ લગ્ન કરવા.

♦ બચપણના પ્રેમને નીભાવવા લગ્નગ્રંથિથી જોડાઇ જવું.

♦ ફક્ત સરકારી નોકરી કરતા પાત્રને પસંદ કરવું.

♦ સમાન કેટેગરીના પાત્રનો આગ્રહ રાખવો જેમ કે ડોકટર ને ડોકટર, એન્જિનિયરને એન્જિનિયર.

♦ લાગણીના આવેશમાં આવી કોર્ટ મેરેજ કરી નાખવા.

જીવન સાથીની પસંદગીમાં ઉપરોક્ત વિકલ્પોમાંથી કોઇ એક વિકલ્પનો અવશ્ય સામનો કરવો પડે છે. ત્યારબાદ પુરી ગંભીરતાથી અને જરૂર પડે વડીલોના માર્ગદર્શનથી નિર્મય લેવાતો હોય છે. દરેક માનવી અકળ હોય છે, એક બીજાથી અલગ હોય છે. એક બે મુલાકાતમાં કોઇનો તાગ મેળવવો મુશ્કેલ હોય છે. કોઇ વ્યક્તિનો સંપૂર્ણ પરિચય મેળવી ન શકો છતાં નિર્ણયો લેવા પડે છે, ઇશ્વર ભરોસે. અને આજનું યૌવન આ પ્રશ્ને એટલું ગંભીર નથી હોતું પરિણામે વર્તમાન સમયમાં સંબંધો બંધાતા વાર લાગતી નથી અને ગંધાતા પણ વાર લાગતી નથી. કેટલાક કિસ્સામાં મંડપના બિલો ચુકવાયા ન હોય ત્યાં જ છૂટાછેડાની નોબત આવી જાય છે. દરેકના જીવનમાં જીવનસાથી અંગેની એક કલ્પના હોય છે પણ આ કલ્પના કયારેક અધકચરી કે અવ્યવહારૂં હોય ત્યારે પરિણામ અકલ્પનીય મળે છે.

એક યુવતી માનતી કે જીંદગીનું સુખ સંપત્તિમાં જ રહેલું છે દૌલતથી દુનિયા ખરીદી શકાય છે. તેણે ધનાઢ્ય યુવક સાથે લગ્ન કર્યા બંને વિમાન દ્વારા હનીમુન કરવા વિદેશ ગયા. ત્યારે તેને સ્વર્ગનું સુખ લાગ્યું પણ ત્યાં જઇ તેને ખબર પડી કે યુવકને રોજ રાત્રે ડ્રીંક જોઇએ જ. નોનવેજ તેનો શોખ હતો, વિવિધ સુંદરીઓનો સંગ માણવો તેની આદત હતી... અને યુવતીના અરમાનોના ભુક્કા બોલી ગયા. તેને અહેસાસ થયો કે સંપત્તિ એ જ સર્વસ્વ નથી.

કેટલીક જ્ઞાતિઓમાં જન્માક્ષરને મહત્ત્વ આપી ગુણાંક મળે તો જ લગ્નનો આગ્રહ હોય છે. શિખા અને ગૌરવ બચપણના જીગરજાન દોસ્ત હતા. બંને એકબીજાને ભરપૂર પ્રેમ કરતા. લગ્ન લાયક ઉંમર થતાં તેમણે ઘરે લગ્નની વાત કરી. વડીલોએ જન્માક્ષર મેળવ્યા. ગુણાંક ન મળતાં લગ્નનો વિરોધ થયો છતાં બંને પ્રેમીઓ લગ્ન કરવા મક્કમ હતા. પરિવારને અવગણીને લગ્ન કરી લીધા. હાલ તેમને એક પુત્ર છે. પરિવાર સુખેથી જીંદગી ગુજારે છે.

મોનીકા કોણ જાણે એક પસ્તીવાળા ફેરિયાને દિલ દઇ બેઠી. પિતા કલાસ વન અધિકારી હતા. તેણે 'ઘ' ટાઇપનું સરકારી મકાન છોડી પસ્તીવાળા જોડે ભાગી લગ્ન કર્યા. વાંસ, પાટીયા અને કંતાનની દિવાલો વાળા મકાનમાં રહેવા લાગી. થોડા જ સમયમાં પ્રેમનો ઉભરો શમી ગયો... કેવળ પરપોટા રહ્યા... જીવનની કડવી વાસ્તવિકતા સામે આવી. હાલ બંને મજુરી કરી ગુજરાત ચલાવે છે. અધકચરા પ્રેમનો કેવો કરૂણ અંજામ?

અમેરિકાથી આવેલો યુવક છૂટાછેડા વાળો હતો પણ નિશાએ વિદેશ જવાના મોહમાં કંઇ પણ લાંબુ વિચાર્યા વગર કે યુવક અંગે તપાસ કર્યા વગર ઝડપથી લગ્ન કરી લીધા... હાલમાં બિચારી નિશા ના જીવનમાં અંધકાર સિવાય કંઇ નથી.

વર્તમાન સમયની કરૂણતા એ છે કે કૌટુંબિક કલહોના કેસોથી કોર્ટો ઉભરાય છે. ધાર્યું ધણીનું થાય પણ જીવનસાથીની પસંદગીમાં ઝીણવટ ભરી સાવાધાની જરૂરી છે. ઝીણવટ ભરી સાવધાની જરૂરી છે. જેમ કે ફક્ત સુંદરતા અને સંપત્તિને મહત્ત્વ આપવાનો આગ્રહ છોડી સંસ્કાર અને શિક્ષણને પ્રાધાન્ય આપવાથી જીંદગી તરી જવાશે. ઉજળું એટલું દૂધ ન હોય તેનો ખ્યાલ રાખી પ્રત્યેક ચળકતી વસ્તુને સોનું માની તેને ગળે લગાડતા સો વાર વિચાર કરજો. કેવળ વાણી વિલાસ કરી ધોળે દિવસે તારા બતાવવાની વાતો કરતા પાત્રથી ચેતતા રહેજો. વિદેશી યુવક કે યુવતી સાથે સંબંધ બાંધતા પહેલાં તેની સંપૂર્ણ તપાસ કરાવજો. પરિવારમાં અઢળક સંપત્તિ હોય પણ તેને સાચવવાની ત્રેવડ પાત્રમાં છે કે નહિ તે ચકાસજો. કન્યાની સોધ કરતાં કન્યામાં પરિવારની ભાવના છે કે કેમ? સૌને સાથે રાખવાની તેનામાં લાયકાત છે કે તે પણ ખાત્રી કરી લેજો.

દુનિયાના બધા દેશો પસંદગીના ધોરણોમાં અટવાયા છે. પરિણામે છુટા પડવાના કિસ્સા સામાન્ય બની રહ્યા છે. દરેક વ્યક્તિ સમજે કે પોતાના સ્વપ્નની સુંદરી કે સ્વપ્નનો રાજકુમાર મેળવવો બહુ અઘરો છે. સમાજમાં જે પાત્રો છે. તેમાંથી જ પસંદ કરવાના છે. તમે કેટલું જતું કરી શકો તેના પર ભવિષ્યના સુખનો આધાર રહેલો છે. યોગ્ય પાત્ર શોધ્યા પછી પણ તમારૂં કામ તો અઘરૂં જ રહે છે. રવિશંકર મહારાજે કહ્યા મુજબ સુખી થવા માટે નહિ પણ સુખી કરવા માટે પ્રયત્નશીલ રહેશો તો તમારૂં દાંપત્યજીવન મહેંકી ઉઠશે.

# વરસાદ આવે ને એક સાથે ઘણું બધું લઇને આવે છે, અત્યારે મારૂં શૈશવ મારી સાથે રમતું કરી દીધું આ ધીંગી ઋતુએ

## આવ રે વરસાદ... - વિચારયાત્રા

**- જય ઓઝા**

આવ રે વરસાદ... ઢેબરીયો પરસાદ
ઊની ઊની રોટલી ને કારેલાનું શાક

આવ ને યાર! આ ગોરંભાયેલું આકાશ પડું - પડું થતો પણ ન પડતો વરસાદ, અષાઢ ઉચાળા ભરી રહ્યો છે, પણ ધરતી હજી સૂકી છે. નીચેની કોઇએ વરસાદને 'સ્ટેચ્યુ' કહી દીધું છે કે શું? હું તને 'ગો' કહું છું પણ હવે વરસ. આ એક ઋતુ છે જેમાં વ્યક્તિ પોતાની અભિવ્યક્તિ સરળતાથી વ્યક્ત કરી શકે છે, વર્ષાઋતુમાં, વરસાદમાં મનુષ્ય સૌથી વધુ નિખાલસ, નિર્દોષ અને હળવો હોય છે, એનો તર્ક મારી દૃષ્ટિએ કદાચ એવો હોઇ શકે કે અહંકાર, દ્વેષ, કંટાળો, ધૃણા, અકથ્ય અકળામણ, આ બધાનું વરસાદમાં પલળીને શરીરથી નીતરતા પાણી સાથે ધોવાણ થઇ જતું હોય છે, અને વ્યક્તિ અજબની રાહત અનુભવે છે.

વરસાદ આવે ને એક સાથે ઘણું બધું લઇને આવે છે, અત્યારે મારૂં શૈશવ મારી સાથે રમતું કરી દીધું આ ધીંગી ઋતુએ. વર્ષાઋતુ એટલે અમારૂં સ્વૈચ્છિક વેકેશન. શાળાનો ૧૧ વાગ્યાનો સમય હોય,૯ અને ૧૦ વાગે વાદળ ઘેરાયેલા હોય. અમે મનમાં ને મનમાં મેઘને પ્રાર્થના કરીએ કે વરસાદનું ઝાપટું પડી જાય તો સારૂં. સ્કૂલમાં ગુલ્લી. (આજ બાળપણ પાછળ છૂટી ગયું છે, અને સ્કૂલમાં ભણતો હતો તેમાંથી ભણાવતો થયો છું. પણ આજેય એમ થાય છે કે એકાદ ઝાપટું પડે તો... ઊંચાઇ વધી, કદ વધ્યું, જવાબદારીનું ભારણ આવ્યું પણ આજેય પાછું શિશુવત્ વર્તન કરવાનું મન થઇ આવે છે.)

ખેર! પણ એ વખત વરસાદ સાથે મિત્રતા પણ સારી, (એ જૂના સંબંધે જ તેને 'યાર!' સંબોધન કર્યું છે.) ૧૧ વાગ્યા સુધી મુશળધાર વરસતો વરસાદ ૧૧.૩૦ વાગે ઝરમર વરસવા માંડે. સ્કૂલે જવાનો તો પછી સવાલ જ ન હોય! પછી ચાલુ થાય પરાક્રમોથી શૃંખલા, ખૂંચામણી રમતા, લોખંડનો સડિયો પોચી માટીમાં ખૂંચવતા અને કયાંના કયાં ભીના રસ્તાઓ પર છબછબિયાં કરતાં પહોંચી જતા. રસ્તા પરની વહેતા પાણીમાં હોડી બનાવી તેને તરતી મૂકવી, એમાં વળી બાજુવાળા ટીન્યા કરતાં મારી હોડી વધારે મસ્ત હોવી જોઇએ, આવી નિર્દોષ સરખામણી કરતા તે દિવસો... આજે લાલ-પીળો રેઇકોટન્માં વાનમાં કે રિક્ષામાં ગૂણો રેઇન ભરાઇને જતી હોય તેવા શૈશવને કોથળામાં બંધ થયેલું જતું જોઇને મને દયા આવે છે...

ચાલ્યા છો તમે હાથમાં છત્રી લઇ 'આદમ'
વર્ષામાં કર્યો છે તમે વર્ષાનો અનાદર!

કોઇવાર એકદમ જ વરસાદ આવી જાય અને બહાર ચોકમાં પડેલી બધી વસ્તુઓ ફટાફટ લઇને અંદર દોડાદોડી કરતાં અમે, તો વળી કો'ક વાર સ્કૂલેથી આવતા જાણી જોઇને ઝાપટા ઝીલીએ, ભીંજાઇએ, અમે ને અમારૂં દફતર. મને યાદ છે આવ્યા પછી ભીના થયેલ ચોપડા પહોળા કરી કરીને પંખા નીચે સૂકવવા મૂકતા. આઠમા ધોરણમાં નવું - નવું પેનથી લખવાનું ચાલું થયું. કો'કે મનમાં ભરાવ્યું કે ઇન્ક પેનથી લખીએ એટલે અક્ષર સારા થાય. એમાં ને એમાં ગુજરાતી નિબંધની નોટ આખી ભીની થઇને શાહી રંગ નીલરંગી બની ગઇ હતી, એના પાના જો ફ્રેમ બની ગઇ હતી, એના પાના જો ફ્રેમ કરીને રાખ્યા હોત તો... એમ. એફ. હુસેનનાં મોર્ડન આર્ટ તરીકે અત્યારે ખપી જાત.

આજે પેલી કચકડાની પટ્ટીની જેમ બધુ રિવાઇન્ડ થાય છે, બધા ચિત્ર જાણે હું સામે નિહાળતો હોઉં એમ લાગે છે - અરે હા! પેલા મખમલિયા જીવડા લાલચટક યાદ છે! અને ઝાડ પર ઉડતા તીતીઘોડા. એ તીતીઘોડાના એક પગે દોરી બાંધી, દોરીના બીજા છેડે પ્લાસ્ટિકની નાની બેગ લગાવતા, પછી તીતીઘોડો ઉડે એટલે એની પાછળ પેલી કોથળીવાળી દોરી ઉડાઉડ થાય, અમે અમને લાખ રૂપિયાનો આનંદ થાય...

એકવાર લાલચટક મખમલિયા જીવતાં ખાલી બાકસમાં ભરીને સ્કૂલમાં ગયો હતો. અને બાકસ શરતચૂકથી કલાસમાં ખૂલી ગયું. અને આખા કલાસમાં લાલ-લાલ ચણોઠી જેવા મખમલિયા ફરવા લાગ્યા હતા. (શિક્ષણના દયાભાવને કારણે માર પડતા બચ્યો હતો). આજે મારી ભત્રીજીને આ લાલચટક મખમલિયા બતાવવા, હું ભટકું છું, પણ કોંક્રિટનો ભોરીંગ મારી એ સોનામહોર ગળી ગયો છે.

આ ગોરંભાયેલા ગગનની સાક્ષીએ મિત્રો સાથે યુનિવર્સિટી પાસે ચાની લારીએ અડધી ચાની ચૂસકી માણી છે, વરસાદમાં પલળતા - પલળતા ભાષા ભવનથી છેક મીઠાખળી 'ગુજરાત'ના દાળવડા ઝાપટવા જતા, વરસાદમાં પલળીને પિક્ચર જોવા ગયાનું યાદ આવે છે, પ્લાસ્ટિકની બેગમાં કપડાની જોડ સાથે લઇ જઇને સિનેમા હોલ પર પહોંચીને કોરી જોડ પહેલીને 'જંગલ' જોયાનું યાદ આવે છે.

કદાચ બાળપણની આવી સ્વતંત્રતાએ જ વરસાદ સાથે દોસ્તી ગાઢ બનાવી હશે, તે હમણાં એમ.એ.માં મેઘદૂત ભણવાનું આવ્યું ત્યારે ખબર પડી કે અમારી પેલી પ્રાર્થના મેઘ કેમ ઝટપટ સાંભળી લેતો હતો, એ મેઘને વર્ષોથી ટપાલી બનાવ્યો છે. યક્ષના પ્રેમ સંદેશને છેક સ્વર્ગની અપ્સરા સુધી લઇ જાય તો અમારા કાલાવાલા તો તરત સાંભળીને પહોંચાડે ને!

મોટા થતાં સમજાયું કે અનુભીતિ અને અભિવ્યક્તિને આ વાતાવરણ સાથે ગાઢ સંબંધ છે. વરસવા આતુર પણ નહીં વરસેલું આકાશ કુંવારા જેવા અમીછાટણાં, અને ધોધમાર સાંબેલાધાર વરસાદ. મેં તેને જુદા જુદા સમયે, સ્થળે અને અલગ અલગ પરિસ્થિતિમાં જોયો છે. એકાન્તમાં અનુભવ્યો છે. આ લખતી વેળા મને આ વાતાવરણ મૌન કરી દે છે. વરસ્યા વિનાનું ગોરંભાયેલું આકાશ અને મન. એક અકથ્ય મૂંઝવણ, મૂંઝારો કંઇક ડુંમાતું હોય અંદર અંદર... બાળપણ બોલકું હતું, હવે આપણે મૌન રહીએ છીએ. તોલી - તોલીને બોલીએ છીએ.

અરે યાર! વરસ હવે કંટાળો, અકથ્ય અકળામણ વગેરેનું ધોવાણ અટકી રહ્યું છે ત્યાં સુધી અમને જંપ નહીં પડે. જો હું આ લેખ દ્વારા વરસી ગયો - હવે તારો વારો. અમને હળવાફૂલ બનાવ...

રીમઝીમ ગિરે સાવન... સુલગ... સુલગ...

# જેમના હૈયે હેત અને સેવાની સરવાણી સતત હવે છે તેવા દયાળુ, માયાળુ માનવી

## મોંઘેરા મોતી

**- નટવર આહલપરા**



તમારે તમારો વિકાસ અંદરથી સાધવાનો છે
તે તેમને કોઈ બીજું શીખવી ન શકે.
આધ્યાત્મિક બનાવી ન શકે,
તમારા પોતાના આત્મા સિવાય અન્ય કોઈ તમારો ગુરુ નથી.
**- સ્વામી વિવેકાનંદ**

સ્વામી વિવેકાનંદ અને મોરારિબાપુને પોતાના ગુરુ અને રોલ મોડલ ગણતા વ્યક્તિત્વનું નામ છે શ્રી કાંતિભાઈ. પિતા સામજીભાઈ પાસેથી કર્મ ઘડતર મળ્યું અને માતા દિવાળીબેનની કૂખે તા. ૧૦-૦૬-૧૯૬૧ના રોજ ઘેટીયા ખીરસરા (તા. ઉપલેટા, જી. રાજકોટ) મુકામ જન્મેલાશ્રી કાન્તીભાઈની સંઘર્ષ કથા બાળકો તેમજ યુવાનો માટે અરે! સમાજ માટે ખૂબ જ પ્રેરણાદાયી બનશે. તેમાં કોઈ સંદેહ નથી. બે રૂપિયાના રોજથી કારકિર્દીના શ્રીગણેશ કરનાર આ માયાળુ, દયાળુ માનવી ટીપાયા છે અને પછી ઘડાયા છે.

પોતાની પ્રતિભા રાજકોટમાં ખીલશે તેવા સંકલ્પ સાથી શ્રી કાંતિભાઈએ રાજકોટના જાગનાથ પ્લોટમાં ટાયર, ટ્યુબ વેચતી, સાઈકલની ટ્યુબના પંચર કરતી દુકાનમાં માત્ર મહિને સાંઠ રૂપિયે પગારથી નોકરીનો પ્રારંભ કર્યો હતો. દુકાન માલિક પાક્કા વેપારી સવારે, બપોરે અને સાંજે બરાબર ગણતરી રાખે. શ્રી કાંતિભાઈ દિલ દઈને કામ કરે છતાં માલિકે જાણે વિશ્વાસ ન હોય તેમ આડકતરી પરીક્ષા કર્યા કરે!

આ બધું શ્રી કાંતિભાઈ સહન કરે પણ મનમાં એમ થાય કે, શેઠને એકવાર મારી પ્રમાણિકતાની પ્રતીતિ કરાવી દેવી છે. સમય આવી ગયો. શેઠ બપોરે ૧૨ થી ૪ જમવા અને આરામ કરવા જાય. શ્રી કાંતિભાઈએ પોતાની કુનેહથી પોણા બસ્સો રૂપિયાનું કામ કર્યું! જે કામના માત્ર રૂપિયા ચાલીશ પણ ગલ્લામાં રાખી શક્યા હોત પણ નહીં. શેઠ આવ્યા જોયું. ઊલટ તપાસ કરી અને આભા બની ગયાં! પછી તો શ્રીકાંતિભાઈને એક ઝવેરીએ જવાબ આપ્યો. મહિને સાંઈઠને બદલે રૂપિયા સાડા ત્રણસોના પગારથી નોકરી આપી હતી.

અનુભવની એરણ પર ઘડાતા, ઘડાતા શ્રી કાંતિભાઈ સ્વંતત્ર રીતે આગળ વધવા માગતા હતા. આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હતી છતાં સંકલ્પ કર્યો કે ભાડાની તો ભાડાની પણ રાજકોટમાં મારી પોતાની દુકાન હોવી જોઈએ. ખૂબ રખડયાં, ભટક્યાં ક્યાંય મેળ ન પડે. અંતે નવલનગર શેરી નં.૩માં બાર હજારમાં દુકાન લેવાનું નક્કી તો કરી દીધું. ઘરે પહોંચી પિતાને વાત કરી. પાઘડી, માલસામાન ત્રીસેક હજારની જરૂર પડશે. થાકી, કંટાળી પથારીમાં સૂઈ ગયો. મનમાં ભગવાનને પ્રાર્થના કરી, ભગવાન મારી લાજ રાખજે!

લાજ રહી ગઈ. ગામના જ એક સંબંધીની ભલી લાગણી, પૈસા અને તેમના યુવાનપુત્ર પાર્ટનર બન્યા. એરકમ્પ્રેશર, ટાયર-ટ્યુબ વગેરે સામાન મુકી સાયકલની ટ્યુબમાં પંચર કરવાનું કામ પ્રારંભી દીધું. જાણે એકે હજાર!

અહીં શ્રી કાંતિભાઈના જીવન સંઘર્ષની કથા બિરદાવતી પંક્તિ મુકવાનું ગમે જ.

જેને પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત
પરિશ્રમ કર્યો હોય તેની
પ્રાપ્તિ પછી જે આનંદ
થાય એનું નામ છે પ્રસાદ.

આવો મધુર પ્રસાદ જેમને મા ઉમિયાની કૃપાથી પ્રાપ્ત થયો છે. તેમના પરિવારમાં શ્રી કાંતિભાઈ ના ધર્મપત્નિ શ્રીમતી મધુબહેનનો ફાળો પણ અનન્ય છે.

આજે ભણતર મોંઘુ થયું છે. મોંઘવારી ફાટી નિકળી છે. વરસાદ ઓછો થયો છે. નોકરીમાં ટૂંકા પગાર હોય. ખેતી થતી ન હોય. આવી અનેક સમસ્યા વચ્ચે માતા-પિતા પાસેએ જ આશા હોય કે દીકરા-દીકરી ઉચ્ચ શિક્ષણ મેળવે. પેટે પાટા બાંધી સંતાનોને શહેરમાં ભણવા મોકલે. આ વાત મેં અહીં એટલે કરી છે કે, રાજકોટ શહેરમાં કુમાર-કન્યા છાત્રાલય તો ઢગલા બંધ કાર્યરત છે પણ શ્રી કાંતિભાઈ ઘેટિયા અને તેમના સુપુત્ર દેવલભાઈના સંચાલનમાં કાર્યરત એસ.કે. કુમાર છાત્રાલયમાં પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર જિલ્લાના નાનામાં નાના ગામડેથી વ્યાજબી ફીમાં વિદ્યાર્થીઓ એસ.કે. છાત્રાલયમાં પરિવાર જેવી સલામતી સુરક્ષા, સ્નેહ, પોષ્ટિક આહાર મેળવે છે. વળી અહીં શિસ્ત પણ છે અને નિર્ભયતા છે. શાંતિપ્રિય સ્થળ, બગીચો, બાંકડા, લાઈટ, પાણીની સુંદર વ્યવસ્થા છે.

ફી ભરવાના કોઈ કડક નિયમ નથી. કાંતિભાઈ વાલીઓને કહે છે કે,' મુઠ્ઠી વાળીને આપી જાઓ, મુઠ્ઠી વાળીને લઈ લઈશ.' આવા પિતા તુલ્ય સંચાલક આજે ક્યાં મળે?

આવા જ સદ્ભાવ સાથે શ્રી કાંતિભાઈના ધર્મપત્ની મધુબેન પણ કન્યા છાત્રાલયનું શિસ્તબદ્ધ ખરું પણ વાત્સલ્ય પૂર્ણ સંચાલન કરી રહ્યાં છે. મધુબેનને નાનપણથી રામાયણની ચોપાઈ અને મોરારિબાપુ ખૂબ જ પ્રિય છે. તેઓ સારા લેખિકા છે. વિવિધ વિષયો ઉપર તેઓ સુંદર લેખન કાર્ય કરે છે અને શ્રી કાંતિભાઈની સેવા યાત્રામાં ખભેખભો મિલાવી પ્રસ્થાન કરી રહ્યાં છે. તેઓ ધોરણ ૧૨ સુધી ભણ્યાં છે. આ દંપતીના સુપુત્ર દેવલને છાત્રાલય સંચાલન ઉપરાંત વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવાનો બેહદ શોખ છે.

તેઓ બપોર સુધી છાત્રાલયમાં કાર્યરત રહે છે અને બપોર પછી કોલેજના વિદ્યાર્થીઓને એકાઉન્ટ વિષય શિખવી કોચિંગ સંસ્થાઓમાં અધ્યાપકની ભૂમિકા ભજવે છે. શ્રી કાંતિભાઈ અને મધુબેન પોતાની પુત્રવધુને વહુ નહીં પણ દીકરી ગણી વાત્સલ્ય પુરું પાડે છે. પુત્રવધુ હેમલ પણ દુધમાં સાકર ભળે તેમ પરિવારમાં ભળી ગયાં છે. તેઓ બી.એ.,બી.એડ.ની પદવી સાથે શિક્ષિકા છે. દેવલે બી.કોમ સુધીનો અભ્યાસ કર્યો છે.

હૈયે હેત અને સેવાની સરવાણી સતત વહ્યા કરે છે તેવા દયાળુ, માયાળુ શ્રી કાંતિભાઈની સંઘર્ષ યાત્રા ત્રીસ વર્ષ સુધી ચાલી પણ કઠિન તપ સાધના પછી ઈશ્વર મીઠા ફળ આપે છે તેની પ્રતીતિ તેઓ કરી રહ્યા છે. પારદર્શક, સાચા બોલો, અતિ લાગણીશીલ શ્રી કાંતિભાઈ સમાજની સેવા કરવાની નિ:સ્વાર્થી પ્રવૃતિથી જ રાજકોટમાં ચૂંટાઈ વોર્ડ નં. ૨૦માં વર્ષ ૨૦૦૫થી ૨૦૧૦ કાર્યરત રહ્યા અને આજે પણ તન,મન અને ધનથી પ્રવૃત્ત છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**